
નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ



13



નજાનૂ પોતાની સાહસકથા સંભળાવે છે.

RADUGA PUBLISHERS



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ

નજાનૂ પોતાની સાહસકથા સંભળાવે છે.

ચિત્રો : બોરિસ કૈલાશીન



RADUGA PUBLISHERS
MOSCOW






નજાનૂએ ઝડપથી કપડાં પહેર્યાં અને ચરચર અવાજ કરતી લાકડાની સીડીઓ ચઢીને બીજા માળે ગયો.
ત્યાં તે એક એવા ઓરડામાં પહોંચ્યો, જે નીચેના ઓરડા કરતાં થોડો નાનો હતો, પરંતુ ઘણો વધુ હૂંફાળો અને સુંદર લાગતો હતો. પંખાના આકારની બે બારીઓ પર સુંદર પડદા લટકતા હતા અને તે રસ્તા તરફ ખુલતી હતી. બંને બારીઓની વચ્ચે એક દરવાજો હતો, જે બાલ્કનીમાં જતો હતો.
ઓરડાની વચ્ચે એક મોટું ટેબલ ગોઠવેલું હતું. તેના પર થાળીઓ અને વાસણોમાં ભજીયાં, કેક, બિસ્કિટ, મેંદાના લોટની મીઠાઇ, ગોળ કેક, મેકારૂન અને બીજી ઘણી સ્વાદિષ્ટ મીઠાઈઓ ભરેલી હતી. સ્પષ્ટ હતું કે છોકરી-માઇટ્સે નજાનૂ માટે ખાસ ભોજનની તૈયારી કરી હતી.
ટેબલ પરની વાનગીઓ જોઈને નજાનૂનું તો માથું જ ફરી ગયું.
માથા પર મોટી રિબિનનું ફૂમતું બાંધેલી છોકરી-માઇટ અને બે ચોટલીવાળી છોકરી-માઇટ ચા પીરસી રહી હતી, જ્યારે વાંકડિયા વાળવાળી છોકરી કબાટમાંથી મીઠાઈઓ કાઢી રહી હતી.

કોર્નફ્લાવરે નજાનૂનો પોતાની સખીઓ સાથે પરિચય કરાવ્યો.
બે ચોટલીવાળી છોકરીનું નામ ચિપ્પી, માથા પર રિબિનનું ફૂમતું બાંધેલી છોકરીનું નામ બન્ની, અને વાંકડિયા વાળવાળીનું નામ ફ્લિટી હતું.
નજાનૂને તો તરત જ બેસીને ખાવાનું શરૂ કરવાની ઉતાવળ હતી, પરંતુ એટલામાં બીજી ચાર નાની છોકરીઓ પણ અંદર આવી, એટલે તેમનો પણ પરિચય કરાવવો પડ્યો.
"આ અમારી પડોશણો છે— મિન્ની, વિન્ની, માર્ગી અને ફ્લફ," કોર્નફ્લાવરે કહ્યું.
હવે નજાનૂ ચારે બાજુથી છોકરી-માઇટ્સથી ઘેરાઈ ગયો હતો.
"શું તું અહીં બલૂનમાં બેસીને આવ્યો છે?" કાળા વાળવાળી મિન્નીએ પૂછ્યું.
"હા, આવ્યો છું," નજાનૂએ મહત્વપૂર્ણ અંદાજમાં જવાબ આપ્યો, પરંતુ તેની એક નજર તો હજુ પણ ટેબલ પર જ હતી.
"બલૂનમાં બેસી આકાશમાં ઊડતાં તને ડર નહોતો લાગ્યો?" ગોળમટોળ ફ્લફે પૂછ્યું.
"ખૂબ જ... અં... એટલે કે... જરાય નહીં!" નજાનૂએ કહ્યું.
"વાહ! તું તો બહુ બહાદુર છે! હું તો દુનિયામાં કંઈ પણ થાય, પણ બલૂનમાં ક્યારેય ન બેસું," વિન્નીએ કહ્યું.
"તું ક્યાંથી આવ્યો છે?" માર્ગીએ પૂછ્યું.
“ફૂલનગરમાંથી."
"એ ક્યાં આવેલું છે?"
"એ... બહુ દૂર છે," નજાનૂએ અસ્પષ્ટ રીતે હાથ હલાવીને કહ્યું. "કાકડી નદીની પેલે પાર."
"મેં તો એવી કોઈ નદીનું નામ જ ક્યારેય સાંભળ્યું નથી," મિન્ની બોલી. "ખૂબ જ દૂર હશે!"
"હા, બહુ જ દૂર," નજાનૂએ સંમતિમાં માથું હલાવ્યું.
"ચાલો, હવે બધા ટેબલ પાસે આવો. નહીં તો ચા ઠંડી થઈ જશે," કોર્નફ્લાવરે કહ્યું.
નજાનૂને આ વાત બીજી વાર કહેવાની જરૂર જ પડી નહીં.
એક જ ક્ષણમાં તે પોતાની ખુરશી પર બેસી ગયો અને ભજીયાં, કેક, જામ અને મીઠાઈઓ મોંમાં ભરવા લાગ્યો.
તેની સાથે બેઠેલી છોકરી-માઇટ્સે તો લગભગ કંઈ જ ખાધું નહીં. તેઓ બધાં બલૂનની સફરની વાતો સાંભળવા માટે ખૂબ ઉત્સુક હતાં.
છેવટે ફ્લિટી પોતાની ઉત્સુકતા રોકી ન શકી.
"આકાશમાં બલૂન ઉડાડવાનો વિચાર સૌપ્રથમ કોને આવ્યો હતો?" તેણે પૂછ્યું.
"મને," નજાનૂએ એક પછી એક કેક ગટગટાવતાં અને મોં ભરેલું હોવા છતાં જવાબ આપ્યો.
"અરે વાહ! સાચે? ખરેખર તને જ એવો વિચાર આવ્યો હતો?" ટેબલની ચારે બાજુથી એકસાથે આશ્ચર્યભર્યા અવાજો સંભળાયા.


"સોગંદ ખાઈને કહું છું!" નજાનૂએ કહ્યું. એટલામાં કિસમિસ ગળામાં અટકી જતાં તે લગભગ ખાંસી જ પડ્યો.
"અરે વાહ! આ તો બહુ જ રસપ્રદ વાત છે. અમને બધું જ વિગતવાર કહો," ફ્લફ બોલી.
"એમાં કહેવા જેવું શું છે?" નજાનૂએ ખભા ઉચકતાં કહ્યું.
"અમારા ફૂલનગરમાંના બધા માઇટ્સ મારી પાછળ જ પડી ગયા હતા. તેઓ વારંવાર કહેતા, 'કંઈક નવું વિચાર ને! અમારે માટે કંઈક મજાનું શોધી કાઢ.'
"પણ મેં તેમને કહ્યું, 'તમારા માટે હંમેશાં હું જ કેમ વિચારું? હવે તમે પણ ક્યારેક જાતે કંઈક વિચારો!'"



"'અમે?' તેઓ બોલ્યા. 'અમે શું વિચારીએ? અમારાથી ક્યાં કંઈ વિચારી શકાય! બુદ્ધિ તો તારી પાસે છે. તારા માટે તો નવા નવા વિચારો કરવું સાવ સહેલું છે!'
"મેં કહ્યું, સારું 'જો એવું છે, તો આખરે મારે જ વિચારવું પડશે.'
એટલે હું વિચારવા બેસી ગયો."
આટલું કહી નજાનૂ ખૂબ ગંભીર ચહેરો કરીને જામ ભરેલી બ્રેડનો ટુકડો ચાવવા લાગ્યો.
છોકરી-માઇટ્સ અધીરાઈથી તેની સામે જોઈ રહી હતી.
જ્યારે તેણે બ્રેડ પૂરી કરી અને બીજો ટુકડો લેવા હાથ લંબાવ્યો, ત્યારે ચિપ્પીથી વધુ રાહ જોવાઈ નહીં.
"તમે કહેતા હતા કે... અં... પછી તમે વિચારવા બેઠા..." તેણે યાદ અપાવ્યું.

"હા, બરાબર," નજાનૂ બોલ્યો. તેણે હાથમાંનો બ્રેડનો ટુકડો ટેબલ પર એવી રીતે મૂક્યો, જાણે હમણાં જ કોઈએ તેને સપનામાંથી જગાડ્યો હોય.
"હું સતત ત્રણ દિવસ અને ત્રણ રાત વિચારતો રહ્યો. પછી મેં મારા મિત્રોને કહ્યું, 'અરે મિત્રો! મને એક અદ્ભુત વિચાર આવ્યો છે. આપણે એક બલૂન બનાવીએ!'"
"પછી અમે બધા મળીને બલૂન બનાવવાનું કામ શરૂ કર્યું."
"પોઝી (અમારા ફૂલનગરમાં આ નામનો એક કવિ છે) એણે તો મારા વિશે એક કવિતા પણ લખી છે. તેની શરૂઆત કંઈક આવી છે—
'અમારા નજાનૂએ બલૂન બનાવ્યું...'
અથવા... 'અમારા નજાનૂ દ્વારા બલૂન બનાવવામાં આવ્યું...'
ના... કદાચ... 'અમારું એ બલૂન, જે નજાનૂએ બનાવ્યું...'
અરે રે! હવે તો મને યાદ જ નથી આવતું કે કવિતાની શરૂઆત કેવી હતી! મારા વિશે એટલી બધી કવિતાઓ લખાઈ છે કે હવે તો બધું ગૂંચવાઈ જાય છે."
એમ કહી નજાનૂએ ફરી એક બ્રેડનો ટુકડો પોતાની થાળીમાં લઈ લીધો.
"પણ તમે બલૂન બનાવ્યું કેવી રીતે?" કોર્નફ્લાવરે ઉત્સુકતાથી પૂછ્યું.







"અરે, એમાં તો ખૂબ જ મહેનત પડી હતી, એ તો તમે માની જ શકો. મારા મદદગારો દિવસ-રાત કામ કરતા હતા. કોઈ રબર ચોપડતું હતું, કોઈ બલૂનમાં પંપથી હવા ભરતું હતું, અને હું તો આમ-તેમ ફરતો હતો... સીટી વગાડતો. એટલે કે, સાચું કહું તો સીટી નહોતો વગાડતો, પણ બધાને આદેશ આપતો હતો."
"મારા વગર તો કોઈ એક પણ કામ કરી શકતું નહોતું. દરેકને શું કરવું અને કેવી રીતે કરવું, એ બધું મારે જ સમજાવવું પડતું હતું. બહુ મોટી જવાબદારી હતી. બલૂન ગમે ત્યારે ફાટી જાય એવી સ્થિતિ હતી."
"મારા બે સહાયક હતા, બેન્ડમ અને ટ્વિસ્ટમ. બંને ખૂબ જ કુશળ કારીગર હતા. હાથથી કોઈપણ કામ કરી લે, પણ દિમાગથી જરા કાચા! દરેક વાત તેમને સમજાવવી અને બતાવવી પડતી."
"મેં જ તેમને બૉઇલર કેવી રીતે બનાવવું તે સમજાવ્યું. પછી તો તેઓએ એવી મહેનત કરી કે બધું જ ગડગડાટ ચાલવા લાગ્યું. બૉઇલરમાં પાણી ઉકળવા લાગ્યું, પાણી પરપોટા છોડવા લાગ્યું અને પાઇપમાંથી વરાળ સીસકારાં મારતી બહાર આવવા લાગી! અરે, કેવો ધમધમાટ મચ્યો હતો!"
છોકરી-માઇટ્સ શ્વાસ રોકીને તેની વાતો સાંભળી રહી હતી.
નજાનૂ થોડો અટક્યો, એટલે તેઓ ઉતાવળથી બોલી ઊઠી,
"પછી શું થયું? ત્યાર પછી શું બન્યું?"




"આખરે એ દિવસ આવી ગયો, જ્યારે અમારે બલૂનમાં ઉડાન ભરવાની હતી," નજાનૂએ ફરી વાત શરૂ કરી.
"હજારો માઇટ્સ આ દૃશ્ય જોવા માટે ભેગા થયા હતા. કેટલાક કહેતા હતા કે બલૂન જરૂર ઊડશે, જ્યારે બીજા કહેતા હતા કે એ ક્યારેય નહીં ઊડે. પછી તો બંને પક્ષ વચ્ચે ઝઘડો શરૂ થઈ ગયો."
"જે લોકો કહેતા હતા કે બલૂન ઊડશે, તેઓ બીજા પક્ષને મારવા લાગ્યા. અને જે કહેતા હતા કે બલૂન નહીં ઊડે, તેઓ પહેલાવાળાને મારવા લાગ્યા. અથવા કદાચ ઊલટું થયું હશે... કે કોણ કોને મારતું હતું, એ જ સમજાતું નહોતું."
"ટૂંકમાં કહું તો, બધા એકબીજા સાથે મારામારી કરવા લાગ્યા હતા!"
"એ વાત જવા દો," કોર્નફ્લાવરે કહ્યું. "અમને એ ઝઘડાની વાતમાં રસ નથી. બલૂનની વાત આગળ કહો."




"સારું," નજાનૂ બોલ્યો. "જ્યારે બધા લોકો ઝઘડવામાં વ્યસ્ત હતા, ત્યારે અમે શાંતિથી બલૂનની ટોપલીમાં ચઢી ગયા. ઊડાન ભરતા પહેલાં મેં એક નાનું ભાષણ કર્યું. મેં બધાને કહ્યું કે અમે લાંબી મુસાફરી પર જઈ રહ્યા છીએ અને ઘણાં સમય સુધી પાછા નહીં ફરીએ. પછી બધાને વિદાય કહી."
"ત્યાર પછી અમે ઊડવા લાગ્યા. ઉપર... વધુ ઉપર... અને એટલા ઊંચે પહોંચી ગયા કે નીચેની જમીન આ જામવાળી બ્રેડ જેટલી નાની દેખાવા લાગી."

"ખરેખર?" છોકરી-માઇટ્સ આશ્ચર્યથી બોલી ઊઠી.
"એકદમ સાચું કહું છું," નજાનૂએ કહ્યું.
"વચ્ચે બોલશો નહીં!" કોર્નફ્લાવર થોડા ગુસ્સાથી બોલી. "તમે વાર્તામાં વિક્ષેપ કરો છો. એ આપણને ખોટું થોડું કહેશે!"
"હા, સાચી વાત છે," નજાનૂ બોલ્યો. " તમારે મારી વાર્તામાં વચ્ચે બોલવું ન જોઈએ!"
"ચાલો, આગળ કહો! આગળ કહો!" બધી છોકરીઓ એકસાથે બોલી ઊઠી.
"તો વાત એમ હતી," નજાનૂએ આગળ કહ્યું. "અમે સતત ઉપર ને ઉપર ઊડતા જઈ રહ્યા હતા. અચાનક- ધડામ! બલૂન એકદમ અટકી ગયું. અમે એક વાદળ સાથે અથડાઈ ગયા હતા."
"હવે શું કરવું? મને તરત જ એક ઉપાય સૂઝ્યો. મેં મારી કુહાડી કાઢી અને વાદળમાં એક મોટું કાણું પાડી દીધું."
"પછી અમે ફરી ઉપર ચઢવા લાગ્યા. પરંતુ હવે અમે ઊંધા થઈને ઊડી રહ્યા હતા— અમારા પગ નીચે આકાશ હતું અને માથા ઉપર જમીન!"
"એવું કેમ?" આશ્ચર્યચકિત થઈને બધી છોકરીઓએ પૂછ્યું.
"એ તો કુદરતનો નિયમ છે," નજાનૂએ ખૂબ ગંભીરતાથી કહ્યું. "વાદળોની ઉપર પહોંચ્યા પછી બધા ઊંધા થઈને જ ઊડે છે."
"અમે સતત ઉપર જતાં રહ્યા અને સૌથી ઉપર પહોંચી ગયા. ત્યાં તો એવી ભયંકર ઠંડી હતી કે શૂન્યથી એક હજાર અને દસમા ભાગ જેટલા ડિગ્રી નીચેનું તાપમાન હતું!"
"બધી વસ્તુઓ થીજી ગઈ. બલૂન પણ ઠંડુ પડી ગયું અને નીચે પડવા લાગ્યું."
"પણ હું તો બહુ હોશિયાર હતો! મને પહેલેથી જ ખબર હતી કે આવું થવાનું છે. એટલે મેં પહેલાંથી જ બલૂનમાં રેતીથી ભરેલી કેટલીક બોરીઓ રાખી હતી."
"અમે એક પછી એક બોરી નીચે ફેંકવા લાગ્યા. બધી બોરીઓ ખાલી થઈ ગઈ, છતાં બલૂન નીચે પડતું જ રહ્યું."
"હવે શું કરવું? અમારી સાથે જાનૂ નામનો એક માઇટ હતો. એ જરા ડરપોક સ્વભાવનો હતો."












"જ્યારે તેણે બલૂન નીચે પડતું જોયું, ત્યારે તે ખૂબ ગભરાઈ ગયો. તે રડવા લાગ્યો અને અચાનક પોતાનું પેરાશૂટ લઈને બલૂનમાંથી કૂદી પડ્યો અને સીધો પોતાના ઘરે ચાલ્યો ગયો."

"તેના કૂદી પડતાં જ ટોપલીનું વજન હળવું થઈ ગયું, એટલે બલૂન ફરીથી ઉપર ઊડવા લાગ્યું."

"પણ એ બહુ લાંબો સમય ચાલ્યું નહીં. થોડી જ વારમાં બલૂન ફરી જોરથી નીચે પડવા લાગ્યું. ધડાકા સાથે જમીન પર અથડાયું! પછી થોડું ઊછળ્યું... અને ફરી જોરથી જમીન પર પટકાયું!"

"એટલામાં હું પણ ટોપલીમાંથી બહાર ફંગોળાઈ ગયો— ધપાક!— અને સીધો માથાભેર જમીન પર પડ્યો."

વાર્તા કહેવામાં નજાનૂ એટલો તલ્લીન થઈ ગયો હતો કે તેણે ઉત્સાહમાં પોતાની મુઠ્ઠી થાળીમાં જોરથી પછાડી.બ્રેડમાંથી જામ ચારેબાજુ ઉડી ગયું. છોકરી-માઇટ્સ એટલી ચોંકી ગઈ કે લગભગ પોતાની ખુરશી પરથી પડી જ ગઈ.

"પછી શું થયું?" તેઓ થોડું સંભાળ્યા પછી એકસાથે પૂછવા લાગ્યાં.

"ત્યાર પછીનું તો મને કંઈ યાદ નથી," નજાનૂએ જવાબ આપ્યો.

થોડી ક્ષણ માટે આખા ઓરડામાં શાંતિ છવાઈ ગઈ. બધી છોકરી-માઇટ્સ નજાનૂ તરફ આશ્ચર્ય અને આદરથી જોઈ રહી હતી. તેમની નજરમાં તો નજાનૂ સાચો બહાદુર નાયક હતો.

"તારા બલૂને તો અમને ખૂબ ડરાવી દીધા હતા," આખરે કોર્નફ્લાવર બોલી. "અમે બાલ્કનીમાં બેસીને ચા પીતા હતા. ત્યારે અમે જોયું કે એક મોટું બલૂન અમારા ઘરની તરફ ઊડી રહ્યું હતું."

"અચાનક તે વાડ સાથે અથડાયું અને ધડાકા સાથે ફાટી ગયું. અમે તરત જ દોડી ગયા, પણ ત્યાં અમને માત્ર ભોજપત્રની છાલમાંથી બનેલી એક ટોપલી જ મળી."

"તું તો જમીન પર એવો પડ્યો હતો કે જાણે મરી ગયો હોય," બન્નીએ કહ્યું.

"તારા એક પગમાં બૂટ હતું, બીજું બૂટ વાડ પર પડ્યું હતું, અને તારી ટોપી ઝાડની એક ડાળી પર લટકી રહી હતી," ચિપ્પીએ ઉમેર્યું.

"તારા કોટની એક બાંય ફાટી ગઈ હતી. આજે સવારે જ અમને એ મળી. પછી અમે ઉતાવળમાં તેને ફરી સીવી દીધી," ફ્લિટીએ કહ્યું.
"પણ પછી હું પથારીમાં કેવી રીતે પહોંચ્યો?" નજાનૂએ પૂછ્યું.
"અમે જ તને પથારીમાં સુવડાવ્યો. આખી રાત તને જમીન પર તો છોડી ન શકાય ને!" કોર્નફ્લાવરે જવાબ આપ્યો.
"તું તો સાવ મરેલા જેવો લાગતો હતો,"બન્ની બોલી. "પણ હનીસકલ કહેતી હતી કે તું ચોક્કસ બચી જઈશ, કારણ કે તારું... એ... શું કહેવાય?... 'મજબૂત બંધારણ' (કોન્સ્ટિટ્યુશન) છે."
"હા, મારું શરીર તો મજબૂત છે જ, પણ મારું માથું તો એનાથી પણ વધારે મજબૂત છે," નજાનૂએ ગર્વથી કહ્યું. "મારી જગ્યાએ બીજું કોઈ હોત તો તેને ચોક્કસ મગજમાં પરકશન થઈ જાત."
"પરકશન નહીં, કનકશન (માથામાં ગંભીર ઇજા)," કોર્નફ્લાવરે તેને સુધાર્યો.
"હા, હા, એ જ-કનકશન," નજાનૂએ તરત વાત સંભાળી. "પણ..."
"તું તો કહેતો હતો કે બલૂનમાં તું એકલો નહોતો?" કોર્નફ્લાવરે પૂછ્યું.
"હા, હું એકલો નહોતો. અમે કુલ સોળ જણ હતા.જાનૂ તો રસ્તામાં પેરાશૂટ લઈને કૂદી ગયો, એટલે પછી પંદર જણ રહી ગયા."
"તો હવે એ બધા ક્યાં છે?" મિન્નીએ પૂછ્યું.
"મને ખબર નથી," નજાનૂએ ખભા ઉચકતાં જવાબ આપ્યો.





"ટોપલીમાં તમને બીજું કોઈ મળ્યું નહોતું?"
"ના. ટોપલીમાં અમને માત્ર રંગોની એક પેટી અને એક ડૉક્ટરની બેગ જ મળી હતી."
"રંગોની પેટી બ્લોબ્સની છે અને ડૉક્ટરની બેગ ડૉ. પિલમેનની છે," નજાનૂએ કહ્યું.
એટલામાં દરવાજો ખુલ્યો અને સ્નોડ્રોપ દોડતી અંદર આવી.
"તમે નવી ખબર સાંભળી?" તે ઉત્સાહથી બોલી. "ખૂબ જ મોટી ખબર! બીજું એક બલૂન પણ નીચે પડીને ફાટી ગયું છે. તેમાં ચૌદ છોકરા-માઇટ્સ હતા. તેઓ ગઈ રાત્રે શહેરની બહાર પડ્યા હતા. આજે સવારે અમારી છોકરીઓએ તેમને શોધી કાઢ્યા અને હોસ્પિટલમાં પહોંચાડ્યા."
"શું તે બધાને બહુ વાગ્યું છે?" ચિપ્પીએ ગભરાઈને પૂછ્યું.
"ના, એટલું બધું નથી વાગ્યું," સ્નોડ્રોપે હાથ હલાવતાં કહ્યું. "હનીસકલ કહે છે કે તે બધાને જલ્દી સાજા કરી દેશે."
"એ તો મારા મિત્રો જ હશે," નજાનૂ બોલ્યો. "હું હમણાં જ હોસ્પિટલ જઈને તેમને મળી આવું."

"હું પણ તારી સાથે આવીશ," કોર્નફ્લાવરે કહ્યું.
"હું પણ આવીશ," સ્નોડ્રોપ બોલી.
એટલામાં તેની નજર કોર્નફ્લાવરના કપાળ પર લગાવેલા ગોળ પ્લાસ્ટર પર પડી.
"અરે વાહ! કેટલું સુંદર લાગે છે!" તે બોલી. "મને પણ આવું પ્લાસ્ટર લગાવવું છે. શું આ નવી ફેશન છે?"
"અરે નહીં," કોર્નફ્લાવરે હળવેથી નાક ચડાવતાં કહ્યું. "આ તો પ્લાસ્ટર છે. મારા માથામાં થોડું વાગ્યું હતું."
"ઓહ! બસ એટલી જ વાત?" સ્નોડ્રોપ થોડું નિરાશ થઈને બોલી. પછી તે અરીસા પાસે ગઈ અને પોતાની ટોપી પહેરી.
થોડી જ વારમાં આખો ઓરડો ખાલી થઈ ગયો.
બધા પડોશીઓને આ નવી ખબર આપવા માટે દોડી ગયા.



Н. Носов
РАЗГОВОР ЗА СТОЛОМ
На английском языке





